# રાપર નગરપાલિકાની જનરલ બેઠકમાં વિવિધ સમિતિઓની સર્વાનુમતે વરણી કરાઇ

## કારોબારી ચેરમેનપદે રામજીભાઇ પીરાણાની નિમણૂક કરાઇ

રાપર, તા. ૧૫ : તાજેતરમાં અત્રેની નગરપાલિકાનાં અધ્યક્ષા જયશ્રીબેન લખમણભાઇ કારોત્રાનાં અધ્યક્ષસ્થાને મળેલી જનરલ બોર્ડની બેઠકમાં કારોબારી ચેરમેન તરીકે રામજીભાઇ રૂપાભાઇ પીરાણાની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

અહીંની નગરપાલિકાની વિવિધ સમિતિઓની મુદ્દત પૂર્ણ થતાં નવેસરથી રચના કરવામાં આવતાં કારોબારી ચેરમેન પદે રામજીભાઇ પીરાણા સર્વાનુમતે વરાયા હતા.


રામજીભાઇ પીરાણા કારોબારી ચેરમેન રાપર નગરપાલિકા.

અન્ય સમિતિઓમાં બાંધકામ સમિતિનાં ચેરમેન તરીકે ટીનાબેન અશોકભાઇ માલી, પા.પુ.યો. સમિતિમાં રાઉમા શકીનાબેન લાલમામદ, બાગ-બગીચા સમિતિમાં મોંઘીબેન ખીમજી વાવિયા, જા.આરોગ્ય અને સફાઇ સમિતિમાં રમેશભાઇ ખીમાભાઇ સિંયારિયા, શિક્ષણ સમિતિમાં મૂળજીભાઇ રામજીભાઇ પરમાર, ગુમાસ્તા ધારા સમિતિમાં મનજીભાઇ દેવાભાઇ ભાટેસરા, રોડલાઇટ સમિતિમાં વીરીબેન પેથાભાઇ ગોહિલ તથા સા. ન્યાય સમિતિમાં હરેશભાઇ નામોરીભાઇ રાઠોડની ચેરમેન તરીકે વરણી કરવામાં આવી હતી, જેને હાજર રહેલા સભ્યોએ આવકારી હતી.

આ જનરલ બોર્ડની બેઠકમાં રાપર શહેરી વિસ્તારમાં સરકારી યોજનાઓ તળે મળનારાં ઓ.જી. વિસ્તારનાં ગ્રાન્ટનાં કામો, મુખ્યમંત્રી શહેરી સડક યોજનાનાં કામોમાં શહેરના દરેક વોર્ડમાં પાણીની લાઇનો નાખવાનું કામ, નવી સ્ટ્રીટલાઇટો, ડામર રોડ વિ.નાં કામો હાથ ધરવાં સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું હતું.

વરસાદી પાણીના નિકાલ માટે આથમણા નાકા તરફની ખાઇની સફાઇ કરવા, નવાપરા વિસ્તારમાં બમ્પો મૂકવાં, ન.પા.ના સેનેટરી વિભાગ માટે નવાં કન્ટેઈનરો વસાવવાં, અયોધ્યાપુરીમાં હનુમાન મંદિર, ભારતીબાપુ આશ્રમ આવેલા છે, જે માર્ગને વીર ભારતીબાપુ આશ્રમ માર્ગનું નામકરણ કરવા વિગેરે જેવા નિર્ણયોને સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી.

બેઠકમાં પ્રમુખ જયશ્રીબેન કારોત્રા, ઉપપ્રમુખ હઠુભા આર. સોઢા, શાસક પક્ષના નેતા રશ્મિનભાઇ દોશી, ઉમેશભાઇ મૂરજીભાઇ સોની, બળવંતભાઇ વી. ઠક્કર, ભાણજીભાઇ આર. ભ્રાસડિયા, પ્રવીણભાઇ ડી. ઠક્કર, રાજુભાઇ એમ. ચૌધરી, રામજીભાઇ ડી. મુછડિયા, હરિભાઇ કે. આરેઠિયા, જસવંતીબેન એન. મહેતા વિગેરે સભ્યોએ હાજર રહી ચર્ચામાં ભાગ લીધો હતો.

સમગ્ર જનરલ બોર્ડની મિટિંગની કાર્યવાહી મુખ્ય અધિકારી મેહુલભાઇ જોધપુરાએ સંભાળી હતી.





ભુજમાં યોજાયેલા પ્રવેશોત્સવ પ્રસંગે પ્રથમ દ્રશ્યમાં શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા ઇન્દ્રાબાઇ ગર્લ્સ હાઇસ્કૂલ ખાતે કન્યાને સન્માનિત કરતા નજરે પડે છે, બાજુમાં ધારાસભ્ય ડો. નીમાબેન, ભાજપ પ્રમુખ કેશુભાઇ પટેલ જ્યારે બાજુનું દ્રશ્ય પ્રા. શાળા નં. ૧૭માં ખુશખુશાલ કન્યાઓનું છે.

# શાળા પ્રવેશોત્સવથી સામાજિક ક્રાંતિ

## ભુજમાં ઇન્દ્રાબાઇ ગર્લ્સ હાઇસ્કૂલ અને પ્રાથમિક શાળા નં. ૧૭માં શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાની ઉપસ્થિતિ

ભુજ, તા. ૧૫ : શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ સામાજિક ક્રાંતિ અને પરિવર્તનનું દ્યોતક બની ચૂક્યું હોવાનો અભિપ્રાય આજે અહીં શહેર શાળા પ્રવેશોત્સવ પ્રસંગે શાળા નં. ૧૭ અને ઇન્દ્રાબાઇ ગર્લ્સ હાઇસ્કૂલના પ્રારંભે રાજ્યના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ વ્યક્ત કર્યો હતો.

ભુજની શાળા નાં. ૧૭ ખાતે ૨૩ જેટલા ભૂલકાંઓને આંગણવાડી અને ધો. ૧માં પ્રવેશ અપાવ્યો હતો જ્યારે ૧૯૪૯માં સ્થપાયેલી ભુજની જૂની અને પ્રતિષ્ઠિત ઇન્દ્રાબાઇ ગર્લ્સ હાઇસ્કૂલ ખાતે સંખ્યાબંધ કન્યાઓને ધો. ૯ તેમજ ધો. ૧૧માં નામાંકન કરાવ્યું હતું.

શાળા નં. ૧૭માં ભુજના ધારાસભ્ય ડો. નીમાબેન આચાર્યે મધ્યાહન ભોજન શેડ માટે તેમની ગ્રાંટમાંથી રૂા. બે લાખ ફાળવવાની જાહેરાત કરી હતી. ઇન્દ્રાબાઇ ખાતે તેમણે કન્યાઓને આ પ્રસંગે શુભેચ્છા આપી હતી.

આ બંને કાર્યક્રમોમાં શાળાના આચાર્ય શ્રી ગોરે આવકાર આપ્યો હતો. સ્વાગત જિલ્લા શિક્ષણાધિકારી ડો. મધુકાંત આચાર્ય, નાયબ શ્રી રૂઘાણી, કો. ઓર્ડિનેટર શ્રી ગોસ્વામી તથા શાળા વ્યવસ્થાપન સમિતિના મીનાબેન ગઢવી તથા શિક્ષક મિત્રો, સદસ્યગણે કર્યું હતું.

આ પ્રસંગે પ્રતિજ્ઞા વાંચન, તેજસ્વી તારલાઓનું સન્માન કરાયું હતું.

શિક્ષક સંઘ તેમજ નિવૃત્ત શિક્ષકજનો દ્વારા ભાગ લેનાર બાળકોને રોકડ ઇનામ અપાયું હતું. દાતાગણનું સન્માન પણ કરાયું હતું. સંચાલન છાત્રાબેને કર્યું હતું. આભારદર્શન શિક્ષિકાબેન લક્ષ્મીબેન ભટ્ટે કર્યું હતું.

બંને જગ્યાએ જિલ્લા પંચાયત પ્રમુખ કૌશલ્યાબેન માધાપરિયા, જિલ્લા ભાજપા પ્રમુખ કેશુભાઇ પટેલ, ભુજ નગરપ્રમુખ અશોકભાઇ હાથી, ભાજપા શહેર પ્રમુખ નવીનભાઇ લાલન, દિલીપભાઇ શાહ, બાપાલાલ જાડેજા, ભરત સંઘવી, મંદાબેન પટ્ટણી, મીનાબેન ઠક્કર, શિક્ષક અગ્રણી રશ્મિ પંડ્યા, નિલમબેન ગાંધી, કૌશલ મહેતા વગેરે ઉપસ્થિત રહ્યા હતા. દરમ્યાન, ઇન્દ્રાબાઇ ખાતે હાઇસ્કૂલના વાર્ષિક અંક 'ઉડાન'ની વિમોચન વિધિ કરવામાં આવી હતી.

સરસ્વતી સાધના અંતર્ગત છાત્રાઓને સાઇકલનું વિતરણ કરાયું હતું. આભારવિધિ હર્ષાબેન છાયાએ કરી હતી.



## 'ઘર ઘર દીપક' શિષ્યવૃત્તિ વિજેતાનો ડ્રો યોજાયો; ૨૬મી જૂને વિતરણ

દીપક ચા - કચ્છમિત્રની સહિયારી પહેલરૂપી શિષ્યવૃત્તિ યોજનાની ૫૧ નસીબવંતી છાત્રાઓની પસંદગીનો ડ્રો થયો ત્યારની તસવીરમાં અશોક હાથી, ડો. અલ્કા રાવ, પ્રા. અર્ચના કેલા, ડો. હિના ગંગર, ફોરમ શાહ, પારસ શાહ, દત્તુભાઇ ત્રિવેદી વગેરે. (કચ્છમિત્ર ફોટો)

# સરસ્વતી અને લક્ષ્મીના સમન્વયથી આદ્યશક્તિને વધાવવાની અનોખી પહેલ

### ભુજના નગરપતિ અશોક હાથી, ડો. અલ્કા રાવ, પ્રા. અર્ચના કેલા, ડો. હિના ગંગરની ઉપસ્થિતિ

ભુજ, તા. ૧૫ : ભૂકંપ બાદ કચ્છમાં ઘણા ઉદ્યોગોનું આગમન થયું. પરંતુ સામાજિક વિકાસના ઉત્તરદાયિત્વમાં ઘણી કંપની સામે અસંતોષ છે ત્યારે 'દીપક ચા' અને 'કચ્છમિત્ર' છેલ્લા બે વર્ષથી કોઇપણ જાતના જ્ઞાતિભેદ કે આર્થિક પાસાને ધ્યાનમાં રાખ્યા વિના કન્યા કેળવણી અર્થે કન્યાઓ માટે 'ઘર ઘર દીપક' શિષ્યવૃત્તિ યોજના આપી એક ઉમદા કાર્ય કરી રહ્યા છે ત્યારે તેનાથી પ્રેરાઇને અન્ય પ્રતિષ્ઠાનો પણ આ દિશામાં આગળ આવે તેવો સૂર આજે કચ્છમિત્ર ભવનમાં યોજાયેલા શિષ્યવૃત્તિ યોજનાના ડ્રો દરમ્યાન અગ્રણીઓએ વ્યક્ત કર્યો હતો.

આ યોજના અંતર્ગત કચ્છના ખૂણે ખૂણેથી ૧૬ હજારથી ઉપર છાત્રાઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. જેમાંથી ૫૧ નસીબવંતી કન્યાઓની પસંદ માટેનો ડ્રો આજે ભુજના નગરપતિ અશોકભાઇ હાથી, જાણીતા બાળરોગ નિષ્ણાંત ડો. અલ્કા રાવ, તોલાણી ઇન્સ્ટિટ્યૂટ ઓફ કોમર્સના પ્રિન્સિપાલ ડો. અર્ચના કેલા અને મુક્તજીવન મહિલા કોલેજના પ્રિન્સિપાલ ડો. હીનાબેન ગંગરના હસ્તે થયો હતો. શિષ્યવૃત્તિ વિતરણ કાર્યક્રમ ૨૬મી જૂને આયોજિત થઇ રહ્યો છે.

કચ્છમિત્ર ભવન ખાતે આયોજિત ડ્રોમાં દીપક ચા અને કચ્છમિત્રની સહિયારી પહેલને મહેમાનોએ બિરદાવી હતી.

અશોક હાથીએ કન્યા કેળવણીને ગતિ આપતી આ યોજનાની પ્રશંસા કરી હતી. ડો. અલ્કા રાવે જણાવ્યું હતું કે, સરસ્વતી અને લક્ષ્મીના સમન્વયથી આદ્યશકિતને વધાવવાની પહેલ અનોખી છે. હીનાબેન ગંગરે જણાવ્યું હતું કે, સ્ત્રી સશક્તિકરણની દિશામાં આ મોટું પગલું છે. આદિપુરના પ્રો. અર્ચના કેલાએ કહ્યું કે, દીકરીઓ સારા અભ્યાસાર્થે હંમેશાં જાગૃત જ હોય છે. આ યોજનામાંથી અન્યો પણ પ્રેરણા લે તેવી ટકોર કરીને ડ્રોની પારદર્શિતાને વખાણી હતી. દીપક ચાના ફોરમ શાહે યોજનાની વિગતો અને ડ્રોની પ્રક્રિયા સમજાવી હતી, જ્યારે તેમના બંધુ પારસ શાહે સૌનું સ્વાગત કર્યું હતું.

આ પ્રસંગે કચ્છમિત્ર પરિવારના દીપકભાઇ માંકડ, શૈલેષભાઇ કંસારા, નિખિલભાઇ પંડ્યા, મુકેશભાઇ ધોળકિયા, હુસેન વેજલાણી, નવીનભાઈ જોશી, નિમિષભાઈ વોરા, મનોજભાઈ વૈદ્ય, પ્રફુલભાઇ ગજરા અને ઉદય એડના દત્તુભાઇ ત્રિવેદી તથા દીપક ચાના પરિજનો હેમાલી શાહ, તેજલબેન શાહ, કુંતલ લાલપુરા તેમજ સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

## આ છે ૫૧ નસીબવંતી કન્યા

| | |
|---|---|
| ૧. હિમાની -માધાપર -ધો.૧૦ | ૨૭. કોટિયા ખુશ્બૂ -મુંદરા -એફ.વાય.બી.સી.એ. |
| ૨. પરમાર પ્રાચી -કુક્મા -ધો. ૬ | ૨૮. નાથાણી ભૂમિકા -નખત્રાણા - એફ.વાય.બી.કોમ. |
| ૩. ટીના એચ. મખાજા -ગાંધીધામ -ધો. ૩ | ૨૯. સુમિતા એચ. વેકરિયા -માનકૂવા -ધો. ૯ |
| ૪. અમરીન મણિયાર -ભુજ -ધો.૩ | ૩૦. મુસ્કાન અબ્દુલ -સુખપર -ધો. ૬ |
| ૫. ગીતાબેન ગણેશભાઇ -ધાણેટી -ધો.૧૧ | ૩૧. રીંકલ આહીર -ભચાઉ -ધો. ૮ |
| ૬. ટ્વીન્કલ -આદિપુર -એફ.વાય.બી.કોમ. | ૩૨. રિયા સોમેશ્વર -અંજાર -ધો. ૧૨ |
| ૭. ગોસ્વામી કૃપાલી -ભુજ ધો. ૧૨ | ૩૩. ગંગાબેન રબારી -પાનધ્રો -ધો. ૧૦ |
| ૮. કૃપા વી. સોલંકી -ગાંધીધામ ધો. ૨ | ૩૪. રીંકલ કોહલી -કોટડા (ચકાર) -ધો. ૨ |
| ૯. પ્રાંજલ હરેશ -માંડવી -ધો.૫ | ૩૫. નિશા જોશી -નેત્રા -ધો. ૧૧ |
| ૧૦. હેતલ વાસાણી -આદિપુર | ૩૬. ગોસ્વામી તન્વી -કેરા -ધો. ૯ |
| ૧૧. જીલ સ્વપ્નેશ પટેલ -માધાપર -ધો.૧ | ૩૭. હેમાલી ગુંસાઇ -માંડવી -ધો. ૬ |
| ૧૨. મારૂ નમ્રતા -ભુજ -ધો.૯ | ૩૮. ભાગ્યશ્રી ખંટે -માધાપર -ધો. ૧૨ |
| ૧૩. કશિશ કે. લાલવાણી -આદિપુર -ધો.૩ | ૩૯. પૂનમબા બાલુભા -દેશલપર (મુંદરા) -ધો. ૭ |
| ૧૪. આહીર સ્વાતી -નાગોર -ધો.૮ | ૪૦ પૂજા જોગી -ભુજ -ધો. ૯ |
| ૧૫. મહિમા એસ. ગણાત્રા -નખત્રાણા -ધો. ૯ | ૪૧. શિલ્પા વાઘેલા -માધાપર -ધો. ૩ |
| ૧૬. હુંબલ કાજલ -ભીમાસર -ધો. ૯ | ૪૨. શ્રેયા ગોસ્વામી -ભુજ -ધો. ૨ |
| ૧૭. નસીમ હબીબ ચાકી -ખાવડા -ધો. ૫ | ૪૩. દિવ્યા ગોસ્વામી -દહીંસરા -ધો. ૫ |
| ૧૮. ભાનુશાલી યાત્રી જે. -અબડાસા -ધો. ૮ | ૪૪. નંદની મારંગ -ગાંધીધામ -ધો. ૬ |
| ૧૯. પાલીબેન એમ. રબારી -લખપત -ધો. ૮ | ૪૫. સાક્ષી ગણાત્રા -ગઢશીશા -ધો. ૧૧ |
| ૨૦. અંજલિ કે. જોશી -મુંદરા -ધો. ૯ | ૪૬. મીરા ગઢવી -જામથડા |
| ૨૧. નીલમબા બી. જેઠવા -રતનાલ -ધો. ૮ | ૪૭. અક્યિા લંગા -માતાના મઢ -ધો. ૧૧ |
| ૨૨. ડોલી વી. દોશી -રાપર -એસ.વાય. | ૪૮. શિવાની ગીધવાણી - આદિપુર |
| ૨૩. રામાનંદી લીના -આધોઇ -ધો. ૧૦ | ૪૯. શ્રુતિ ચૌહાણ -નાગોર -ધો. ૬ |
| ૨૪. બંસરી પ્રજાપતિ -ભચાઉ -ધો. ૮ | ૫૦. ચાર્મી ગોર -ભુજ -ધો. ૧૦ |
| ૨૫. રશ્મી ગોર -બિદડા -એસ.વાય.બી.એ. | ૫૧. સાધવાણી તન્વી -ગાંધીધામ -ધો. ૯ |
| ૨૬. ડીમ્પલ એમ. દરજી -રાપર -ધો.૧૨ | |

## કોઠારામાં વિકાસ પથનું કરાયેલું ખાતમુહૂર્ત

કોઠારા (તા. અબડાસા), તા. ૧૫ : આ ગામે પોલીસ ક્વાર્ટરથી કોઠારાના મુખ્ય એપ્રોચ રોડ આશ્રમ શાળા સુધીના સી.સી. રોડનું ખાતમુહૂર્ત કરી કામ શરૂ કરાયું હતું. ઘણાં લાંબા સમય બાદ અહીં વારંવાર અગ્રણીઓએ અનેક રજૂઆતો કર્યા બાદ અહીં 'વિકાસ પથ'નું કામ શરૂ કરવામાં આવશે જેનું ૩૮ લાખના ખર્ચે આ કામ કરવામાં આવશે. આ પ્રસંગે અબડાસા તાલુકા ભાજપ મહામંત્રી હિંમતસિંહ જાડેજા, કોઠારા સરપંચ હેમુભા ધલ, ધનજીભાઇ સોની, સચિન જોશી, ગુલાબ કટુઆ, ભરતસિંહ જાડેજા, વિક્રમસિંહ જાડેજા, ડો. હરિભાઇ રાવલ વિગેરે હાજર રહ્યા હતા.

## અછતગ્રસ્ત મુંદરાની સમસ્યા નિવારવામાં નિષ્ફળતાનો આક્ષેપ

મુંદરા, તા. ૧૫ : મુંદરા તાલુકાનો વિકાસ કરવામાં આવ્યો છે તેવી યશોગાથા ગાઇ-વગાડીને ભાજપ દ્વારા કરવામાં આવે છે. વાસ્તવમાં નિષ્ફળતાઓને નજરઅંદાજ કરવા લોકોના ખર્ચે ભ્રામક પ્રચાર આદરવામાં આવ્યો છે. એવો આક્ષેપ જિ.પં.ના સદસ્યને કોંગ્રેસના અગ્રણી હાજી સલીમ એ. જતે એક પત્રમાં કર્યો છે. પત્રમાં જણાવ્યા અનુસાર અછત, મંદી, બેરોજગારી અને આંતર માળખાકીય સેવાક્ષેત્રે આ વિસ્તાર સમસ્યાગ્રસ્ત છે. ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને તંત્રની નિષ્ક્રિયતાના કારણે સમસ્યાઓ વધી છે અને તંત્ર ત્રસ્ત છે. ત્યારે પ્રજાની પીડા જાણવા જેવા કે સમજવાના બદલે તાયફા કરી ઉત્સવ ઉજવે છે. પશુ માટે સરકાર તરફથી ઘાસચારાની વ્યવસ્થા નથી. તાલુકાની પાંજરાપોળો સબસિડીના અભાવે લાચાર છે, એવું શ્રી હાજી સલીમના પત્રમાં જણાવાયું છે.

## ઉચ્ચ શિક્ષણ વિભાગમાં કમિશનરપદે કચ્છી વરાયા

રત્નાપર (તા. માંડવી), તા. ૧૫ : ગુજરાતના ઉચ્ચ શિક્ષણ વિભાગમાં પ્રથમ વખત કચ્છી અધિકારી કમિશનરપદે વરાયા છે.



કચ્છના ઇતિહાસમાં પ્રથમ વખત શિક્ષણ કમિશનરપદે દેશલપર (તા. મુંદરા)ના જે. કે. ગઢવી (આઇએએસ)ની નિમણૂક કરાતાં સમગ્ર કચ્છમાં ખુશીની લાગણી ફેલાઇ છે.

ગુજરાતમાં વિવિધ પદો પર છેલ્લા વીસ વર્ષથી વર્ગ-૧માં ફરજ બજાવી ચૂકેલા શ્રી ગઢવી ગુજરાતની ભૌગોલિક પરિસ્થિતિથી વાકેફ તથા કોઠાસૂઝવાળા આ કચ્છી અધિકારીએ કન્યા કેળવણીને પ્રાધાન્ય આપી કચ્છમાં પાંચ કિ.મી.ના અંતરે માધ્યમિક શાળાઓ આપવાની નેમ વ્યક્ત કરી છે. તેમની વરણીને રાજ્યમંત્રી તારાચંદ છેડા, માજી સાંસદ પુષ્પદાન ગઢવી સહિતના આગેવાનોએ આવકારી છે તેવું રત્નાપર હાઇસ્કૂલના આચાર્ય મોહનદાન ગઢવીએ જણાવ્યું હતું.







